# પરિપત્ર

વિષય :– **નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના મુખ્ય ગેસ્ટ હાઉસ સંકુલમાં યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ, કર્મચારીઓ, વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ ના ખાનગી વાહનો યોગ્ય રીતે પાર્ક કરવા બાબત ...**

આથી યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ, કર્મચારીઓ, વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને જણાવવામાં આવે છે કે, અત્રેની યુનિવર્સિટીના ગેસ્ટ હાઉસ સંકુલ ખાતે યુનિવીર્સટીના અધિકારીશ્રીઓ,કર્મચારીઓ,વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ હાઉસ કીપીંગ એજન્સીના સ્ટાફ દ્વારા સંબધિત વાહન પાર્ક કરવા આવનાર વ્યકિતને મનાઈ કરવા છતા મનસ્વી રીતે પોતાનુ ખાનગી વાહન પાર્ક કરી જતા રહે છે. કેટલીક વખત અધિકારીશ્રીઓ, કર્મચારીઓ, વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને કોઈપણ જાતની જાણ કર્યા વગર પોતાનુ ખાનગી વાહન મૂકી જાય છે. તદઉપરાંત યુનિવર્સિટીની જુદીજુદી કચેરીના વાહનો ઘણી વખત અયોગ્ય રીતે પાર્ક થવાના કારણે **વિશિષ્ટ મહાનુભાવોની સલામતીનો / તેમના વાહનોના પાર્કીંગનો ગંભીર પ્રશ્ન પણ ઉપસ્થિત થાય છે.**

જેથી યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ, કર્મચારીઓ, વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને જણાવવામાં આવે છે કે, ગેસ્ટ હાઉસના સંબધિત કર્મચારી/સ્ટાફની જાણ હેઠળ તેમના ખાનગી વાહનોને ગેસ્ટ હાઉસ સંકુલમા કેનોપી એરીયામાં પાર્ક ન કરતા ફકત બહારના ડામર રોડ ઉપર કોઈને પણ અડચણરૂપ ન થાય તે રીતે પાર્ક કરવા તેમજ મુખ્ય કેમ્પસ ખાતે યોજાતા કોઈપણ કાર્યક્રમ દરમ્યાન ગેસ્ટ હાઉસની મુલાકાતે આવતા યુનિવર્સિટીની જુદીજુદી કચેરીના અધિકારીશ્રીઓને તેમના કચેરીના વાહનો ગેસ્ટ હાઉસ સંકુલમાં યોગ્ય રીતે પાર્ક કરવા તેમજ આ સુચનાનો ભંગ કરનાર કર્મચારી/વિદ્યાર્થી/અધિકારી પાસેથી ગેસ્ટ હાઉસ ખાતેના સંકુલમાં ખોટી રીતે પાર્ક કરવામાં આવેલ વાહનને ખસેડવાનો સંપૂર્ણ ખર્ચ રોકડેથી / પગારમાંથી વસુલ કરી તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની સર્વેએ નોંધ લેવી.

પ્રસ્તુત આદેશ યુનિવર્સિટીના હિતમાં તા. ૭.૧.૨૦૧૯ ના રોજ કુલસચિવશ્રીની ભલામણ મેળવી અને મા. કુલપતિશ્રીની મંજુરી મેળવી પ્રકાશિત કરવામાં આવે છે.

જા.નં. નકૃયુ/કાઈ/બી.૬/ ૧૨૬–૩૫ /૨૦૧૯
તા. ૭.૧.૨૦૧૯

(સહી) ૭/૧/૧૯
કાર્યપાલક ઈજનેર
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી.

નકલ સવિનય રવાના :–

૧. તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ તથા ઘટતું થવા સારુ.
૨. યુનિવર્સિટીના તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા ઘટતું થવા સારુ.
૩. નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃતિ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ તથા ઘટતું થવા સારુ.

Scanned by CamScanner